પ્રતિ,
આચાર્ય,
માધ્યમિક શાળા(વડોદરા શહેર / ગ્રામ્ય)તમામ
જિ-વડોદરા.

વિષય÷વડોદરા શહેર / જીલ્લા કક્ષાએ નેશનલ સાયંસ સેમિનાર ૨૦૧૬માં ભાગ લેવા બાબત.
સંદર્ભ :- નિયામકશ્રી, પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરાનો પત્ર તા.૧૧/૦૬/૨૦૧૬

ઉપરોકત વિષયના અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે નેશનલ કાઉન્સિલ ઓન સાયંસ મ્યુઝીયમ,દિલ્હી અને નહેરૂ સાયંસ સેન્ટર, મુંબઇ વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનુ આયોજન કરી રહેલ છે. આ પૈકીનો એક કાર્યક્રમ નેશનલ વિવિધ સાયંસ સેમિનાર છે જે દર વર્ષે વિજ્ઞાન વિષય પર યોજવામાં આવે છે. આ વિજ્ઞાન સેમિનારનો હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનલક્ષી વિચારસરણી અને તર્કાત્મક અભિગમ કેળવાય તે છે. આ વર્ષે વિજ્ઞાન સેમિનારનું નેશનલ કાઉન્સિલ ઓન સાયંસ મ્યુઝીયમ, કોલકત્તા તથા નહેરૂ સાયંસ સેન્ટર, મુંબઇ દ્વારા નેશનલ સાયંસ સેમિનાર આયોજન કરેલ છે. જેમાં જીલ્લા કક્ષાએ દરેક સ્કુલમાંથી ધોરણ – ૮ થી ૧૦ ના એક વિદ્યાર્થી અને એક શિક્ષક ભાગ લઇ શકશે. જેનો વિષય છે. **“ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળની ખેતી - સંભાવનાઓ અને પડકારો” “Pulses for Sustainable Food Security: Prospects & Challenges” છે.**

દરેક જીલ્લા કક્ષાએ સેમીનાર ૨ જી ઓગષ્ટ, ૨૦૧૬ પહેલા પૂર્ણ કરવાનુ હોઇ વિજ્ઞાન સેમિનારમાં ભાગ લેવા માટે આ સાથે જોડેલ માહિતી પ્રમાણે વિધાર્થીઓના તથા શિક્ષકોના નામ **તા.૧૫ મી જુલાઇ,૨૦૧૬** સુધીમાં પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,વડોદરા ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.
વડોદરા જીલ્લા કક્ષાએ નેશનલ સાયંસ સેમિનાર ૨૦૧૬નું આયોજન **૨૩ મી જુલાઇ, ૨૦૧૬, ગુરૂવારના રોજ સવારે ૧૦=૦૦ વાગે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,વડોદરા, આરતી સોસાયટી, આત્મજ્યોતિ આશ્રમ રોડ, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩ ખાતે યોજવામાં આવેલ છે.** દરેક શાળા અચૂક ભાગ લે અને સમયસર જણાવેલ સ્થળે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પહોચી જાય તેવુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

**જીલ્લા કક્ષાએ વિજેતા નિવડેલ વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે.**

**વધુ વિગતો માટે સંપર્ક કરો. ફોન નં-૦૨૬૫-૨૩૮૯૭૪૯.મો.૯૮૨૫૯ ૧૬૮૭૪(શ્રી દિનેશ ગાંધી-સંયોજકશ્રી)**

ડૉ. જીતેન્દ્ર ગવળી
નિયામકશ્રી
લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા